સી.સી.નં.102903/2025

**–:: આંક ૧ લગત હુકમ ::–**

આંક–૩ થી રજુ સમાધાન પુરસીસ વંચાણે લીધી. સદરહુ કામમાં અરજદાર સમાધાન પુરસીસ રજુ કરી જણાવે છે કે, સદર અરજદારને સામાવાળા સાથે સમાધાન થઇ ગયેલ છે અને તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી તે હકીકત ધ્યાને લેતા પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલ હોય જે સમાધાન રેકર્ડ પર લેતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

૧) આ કામના આરોપીને બી.એન.એસ.એકટ–૨૦૨૩ ની કલમ–૩૦૩(૨), ૫૪ ના ગુના અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ અંગે જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તેને કાયમ કરવામાં આવે છે અને જો કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો ત.ક.અમલદારનાઓએ મુદ્દામાલના માલિકીપણાની ખરાઇ કરી, અરજદારની ખરાઇ કરી મુળ માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
અમદાવાદ

(જીતેશ વિષ્ણુપ્રસાદ જોષી)
ચોથા એડિશ્નલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૫, અમદાવાદ શહેર
યુનિક કોડ નં.જીજે૦૦૯૨૭
સ્પે. સીટીંગ મેજીસ્ટ્રેટ